# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1) મુદત પૂરી થતી હોય તેવી રાજ્યની 71 નગરપાલિકામાં રાજ્ય સરકારે વહિવટદારની નિમણૂંક કરી
2) નાગરિકોની સલામતી તથા જાહેર મિલ્કતોના સંરક્ષણ માટે સરકારનો 'એસેટ સેફ્ટી મૉનિટરિંગ પોર્ટલ' અમલી બનાવવાનો નિર્ણય
3) આજે રાજકોટમાં સૌથી વધારેબ ગરમ. રાજ્યભરમાં કાળઝાળ ગરમી વચ્ચે 16 મી માર્ચ સુધી હિટવેવની આગાહી
4) બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીની આજથી મત ગણતરી શરૂ થઈ
5) સેલવાસ ખાતે સંપૂર્ણતા અભિયાન ૨.0' અને 'જલ મહોત્સવ' નો પ્રારંભ

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

DESK

# NAGAR PALIKA ADMINISTATOR

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવા જઇ રહી છે. ત્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાય તે અગાઉ મુદત પૂરી થતી હોય તેવી 71 નગરપાલિકામાં રાજ્ય સરકારે  વહિવટદારની નિમણૂંક કરવામાં આવી છે..રાજ્યની મહાનગરપાલિકાઓ બાદ હવે રાજ્યની 71 નગરપાલિકાઓમાં વહીવટદારની નિમણૂક કરાઈ છે. રાજ્યની 71 નગરપાલિકાની મુદત માર્ચ 2026 એ પૂર્ણ થાય છે  ત્યારે નગરપાલિકાના સૂચારુ સંચાલન માટે આ નિમણૂંક કરાઇ છે.. શહેરી વિકાસ વિભાગ દ્વારા વહીવટદારની નિમણૂકનો ઓર્ડર કરવામાં આવ્યો.. નગરપાલિકાની ચૂંટણીમાં ચૂંટાયેલી પાંખ ને બને ત્યાં સુધી વહીવટદાર કામગીરી બજાવશે..જે તે વિસ્તારના પ્રાંત ઓફિસરની વહિવટદાર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

## ASSET SEFTY MONITARING POTAL

નાગરિકોની સલામતી તથા જાહેર મિલ્કતોના સંરક્ષણને ટોચની પ્રાથમિકતા આપીને સરકારે ‘એસેટ સેફ્ટી મૉનિટરિંગ પોર્ટલ’ અમલી બનાવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય સાથે જ; હવે રાજ્યમાં હયાત રોડ, બ્રિજ, બિલ્ડિંગ સહિત તમામ સરકારી તેમજ જાહેર ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું રાજ્ય કક્ષાએથી ઇન્ટીગ્રેટેડ મૉનિટરિંગ થશે કે જેથી કોઈ પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સામાન્ય પ્રજાની સલામતી માટે જોખમકારક ન બને. સરકારના આ નિર્ણય અંગે સામાન્ય વહિવટી વિભાગ (જીએડી) દ્વારા તાજેતરમાં એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. પરિપત્ર મુજબ રાજ્યના રોડ, બ્રિજ, સરકારી ઇમારતો તથા અન્ય નાગરિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિત 1.50 લાખથી વધુ જાહેર સંપત્તિઓની હવે એક જ સેન્ટ્રલાઇઝ્ડ ડિજિટલ પ્લેટફૉર્મ પર નોંધણી થશે.

# WEATHER

માર્ચ મહિનાના દસમાં દિવસે જ રાજ્યભરમાં કાળઝાળ ગરમી શરૂ થઇ ગઇ છે... ગરમીને કારણે લોકો આકુળવ્યાકુળ થઇ ગયા છે... અસહ્ય ગરમીને કારણે જાહેર માર્ગો ઉપર લોકો નિકળવાનું ટાળી રહ્યાં છે... ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી 16 મી સુધી સમગ્ર રાજ્યમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ સાથે હિટવેવની આગાહી કરવામાં આવી છે . આજે 42 ડિગ્રી સાથે રાજકોટ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યુ હતું જ્યારે અમદાવાદમાં 41.4,દિવમાં 41.3 અને ડિસા, ભૂજ અને વડોદરામાં 41 ડિગ્રી તાપમાન રહ્યુ હતું.

(બાઇટ : એ. કે. દાસ )

અમારા નવસારીના પ્રતિનિધિ જણાવે છે કે શહેરમાં પહેલી વાર તાપમાનનો આંકડો 41 પર રહેતા લોકો હેરાન પરેશાન થઇ ગયા હતા અને ઘરની બહાર નિકળવાનું લોકોએ ટાળ્યુ હતું. અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા જાહેર કરાયું છે કે તીવ્ર ગરમીની શક્યતા છે અને હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે.

# BK HEALTH OFFICER

રાજ્યની સાથેસાથે આજે બનાસકાંઠામાં પણ હિટવેવની અસર વર્તાઇ હતી.. ગરમીને કારણે બજારો સૂમસાન ભાસી રહ્યાં છે. કાળઝાળ ગરમીથી બચાવ લોકોને જીલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર આર એમ સ્વામીએ લોકોને અપીલ કરી છે.. લોકોને કામ સિવાય બહાર ન નિકળવા સલાહ આપી છે.

(બાઈટ:ડૉ.આર એમ સ્વામી,આરોગ્ય વિભાગ અધિકારી)

# GUJARAT ASSEMBLY BUDGET DISCUSSION

આજે વિધાનસભામાં ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ તેમજ રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માંગણીઓ પર ચર્ચા કરવામાં આવી હતી ત્યાર બાદ બહુમતીથી આ તમામ વિભાગોની માંગણીઓને બહુમતી બહાલી અપાઈ હતી.

ઉદ્યોગ અને ખાણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા, મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટ ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે ૧૩ હજાર ૯૪૨ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યની આર્થિક કરોડરજ્જુ સમાન MSME એકમો માટે રાજ્ય સરકારે 'આત્મનિર્ભર ગુજરાત સ્કીમ' હેઠળ ૧૭૭૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે, કાપડ ઉદ્યોગને બે હજાર ૭૫૫ કરોડ ફાળવાયા છે.. આ ચર્ચા દરમિયાન ઉદ્યોગ વિભાગની માંગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી.

પ્રવાસન વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં સહભાગી થતા મંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ગત વર્ષે રેકોર્ડબ્રેક ૨૨.૨૭ કરોડ પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લીધી છે. વિધાનસભા ગૃહમાં પ્રવાસન પ્રભાગની અંદાજપત્રીય માંગણીઓ પસાર કરવામાં આવી હતી.

ગુજરાતને 'સ્પોર્ટ્સ હબ' બનાવવાના સંકલ્પ સાથે રમતગમત વિભાગ માટે રૂ.૨૦૦૬ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી હોવાનું મંત્રી જીતુ વાઘાણીએ રમતગમત માટે કરવામાં આવેલી બજેટની જોગવાઇઓ ચર્ચામાં ભાગ લેતા કહ્યુ હતું.. ૫૦૦ કરોડના ખર્ચે અમદાવાદ 'ઓલિમ્પિક રેડી સિટી બનશે તેવો તેમણે ઉલ્લેખ કર્યો હતો .વિધાનસભા ગૃહમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની અંદાજપત્રિય માંગણીઓ પસાર થઇ હતી

# ASSEMBLY QUITIONERY

રાજ્યની કોઈપણ શાળા ફી નિયમોનું ઉલ્લંઘન કરે અથવા વાલીઓ તરફથી ફરિયાદ મળે તો ફી રેગ્યુલેટરી કમિટી-FRC દ્વારા ખૂબ જ કડક કાર્યવાહી કરવામાં આવે છે. જેમાં પ્રથમ વાર ફરિયાદ મળે તો રૂ. ૫ લાખ સુધીનો દંડ, બીજી વાર રૂ. ૧૦ લાખ સુધીનો દંડ અને જો ત્રીજી વાર ફરિયાદ મળે તો શાળાની માન્યતા રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવે છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા ફી નિયમોનું ઉલ્લંઘન કરનારી ૧૦થી વધુ શાળાઓ સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે, તેમ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી રિવાબા જાડેજાએ વિધાનસભામાં પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા જણાવ્યું હતું. જ્યારે 'પ્રધાનમંત્રી આવાસ યોજના' હેઠળ આવાસ ઉપલબ્ધ કરાવવામાં ગુજરાત દેશમાં પ્રથમ નંબરે હોવાનું  શહેરી વિકાસ-શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈએ આ અંગે  પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપ્યો હતો. રાજ્ય સરકારે આ યોજનામાં મંજૂર કરેલા કુલ ૯.૫૭ લાખ આવાસમાંથી ૯.૧૫ લાખ આવાસોની કામગીરી પૂર્ણ કરી હોવાની તેમણે વધુ વિગતો આપી હતી.

# BCG ELECTION COUNTING

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં આજથી મત ગણતરી શરૂ થઈ છે. ઇલેક્શનના દિવસે રાત્રે હોબાળા બાદ મતગણતરી ગઈકાલે શરૂ થઈ શકી નહોતી. જો કે ચૂંટણી અધિકારીની ફરિયાદ ઉપર બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ ચૂંટણી અધિકારીની કાર્યવાહીમાં વિક્ષેપ ઉભો કરનારા 14 વકીલોને શૉ કોઝ નોટિસ આપી હોવાનું  ચીફ રીટર્નિંગ ઓફિસર હસમુખ પરીખે જણાવ્યુ હતું.

## (બાઇટ- હસમુખ પરિખ, ચિફ રિટર્નિંગ ઓફિસર)

આ ચૂંટણીમાં 99 એડવોકેટ ઉમેદવાર તરીકે ઊભા હતા. જ્યારે રાજ્યમાંથી 76 હજારથી વધુ અને અમદાવમાંથી 18 હજારથી વધુ વકીલો મતદાતા હતા.

# SELVAS - SAMPURNTA ABHIYAN – JAL MAHOTSAV

સેલવાસ ખાતે સંપૂર્ણતા અભિયાન ૨.0' અને 'જલ મહોત્સવ' નો પ્રારંભ કરાવવામાં આવ્યો . જેમાં 'સંપૂર્ણતા અભિયાન ૨.0' નો મુખ્ય લક્ષ્ય એપ્રિલ ૨૦૨૬ સુધીમાં વિકાસના નિર્ધારિત ૬ લક્ષ્યાંકમાં ૧00% સફળતા મેળવવાનો છે. જે વિષે વધુ માહિતી આપે છે સેલવાસ જિલ્લા પંચાયતના સીઇઓ અરુણ ગુપ્તા

( બાઇટ : અરુણ ગુપ્તા )

સાથે જ આગામી 22 માર્ચ સુધી યોજાનારા 'જલ મહોત્સવ' અંતર્ગત નાગરિકોને જળ સંરક્ષણ અને જળ વ્યવસ્થાપન પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા હતા . વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને આ અભિયાનોમાં સક્રિયપણે ભાગ લેવા અનુરોધ કરાયો હતો.

# BHUJ – PASSPORT/ AHMEDABAD/BOMB

અમદાવાદના ગુલબાઈ ટેકરા સ્થિત આરપીઓ ઓફિસને બોમ્બ થી ઉડાડી દેવાનો  ધમકી ભર્યો મેલ મળતા બોમ્બ ડિટેક્શન અને ડિસ્પોઝલ સ્ક્વોડ અને ફાયર ટીમ સ્થળ પર પહોંચી જઈ તપાસ હાથ ધરી હતી , જો કે કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી. આ વિષે વધુ માહિતી આપી રહ્યા છે પોલીસ ઇન્સ્પેક્ટર એસ.આર. બાવા

( બાઇટ : એસ.આર. બાવા )

બીજી તરફ ભુજની પાસપોર્ટ કચેરીને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી . ઈમેલ મારફતે મળેલી આ ધમકીને લઈને પોલીસ ઘટના સ્થળ પર પહોંચી બોમ્બ ડોગ સ્કોડની મદદથી તપાસ હાથ ધરી હતી , જો કે પોલીસે પાસપોર્ટ ઓફિસ અને પોસ્ટ ઓફિસને પણ ખાલી કરવી તપાસ હાથ ધરી હતી , પરંતુ કઈ શંકાસ્પદ વસ્તુ મળી ના હતી...આ અગાઉ પણ ભૂજ પોસ્ટ ઓફિસ અને ભુજ કોર્ટને ધમકી મળી ચૂકી છે.

આ સાથે જ ભાવનગર પોસ્ટ ઓફિસના પાસપોર્ટ વિભાગને ફરી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. SOG, LCB અને બોમ્બ સ્કવોડની ટીમ ઘટનાસ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. જોકે કઈ શંકાસ્પદન વસ્તુ મળી ન હતી.

# EDQC LABORATORY

ઊર્જા ક્ષેત્રમાં સંશોધન, તાલીમ અને ટેકનિકલ ક્ષમતાના વિકાસને નવી ગતિ આપવા ગાંધીનગ ખાતે  મળશે. ઉર્જા લેબોરેટરી, કોન્ફરન્સ રૂમ તથા તાલીમ કેન્દ્રનું ઉદ્યોગ રાજ્ય મંત્રી ડો. જયરામ ગામિતના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું. MSME ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ અને ઇલેક્ટ્રિકલ-એનર્જી ક્ષેત્ર સાથે જોડાયેલા ઉદ્યોગો માટે આ કેન્દ્ર માર્ગદર્શન અને ટેકનિકલ સપોર્ટ પૂરો પાડશે. ઉદ્યોગોને તેમના પ્રોડક્ટ્સ અને સિસ્ટમ્સનું પરીક્ષણ સ્થાનિક સ્તરે કરવાની સુવિધા પણ આ પ્રયોગશાળામાં  મળશે.

# PATAN - NAGARPALIKA

પાટણ નગરપાલિકા દ્વારા શહેરના ટેલિફોન એકચેન્જ થી લીલીવાડી સુધીના માર્ગનું માતા જીજાબાઈ નામ આપી નામકરણ કરાયું . વિશ્વ મહિલા દિવસ નિમિતે એક મહિલા શક્તિના નામ સાથે માર્ગને જોડી પાટણ પાલિકાએ નારી શક્તિનું સન્માન કર્યું છે. આ તકે રાષ્ટ્રીય સેવિકા સમિતિની મહિલાઓએ નારી શક્તિ નું ગૌરવ લેખાવી પાલિકા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી છે.